અપીલ અરજી નં.૪૨૭ તા.૨૯–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ- ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા. ડે.કમિ.અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૨–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નોંધ નં.૧૨/૨૪૦૯ વાળી મિલ્કતની રીપેરીંગની મંજુરી તા.૨૩–૪–૧૦ ના પત્ર નં. સી.ઝેડ/આ.૬૯૧ થી મેળવી રીપેરીંગની આળમાં આખીજ એક માળની મિલ્કત પાડી નાખી નવા આર.સી.સી. સ્લેબ, બીમ અને પ્લીન્થ સહીત એક માળની જગ્યાએ બે માળની ભોંયતળીયા સહીત મિલકતનું બાંધકામપ્લાનની તથા રજા ચિઠ્ઠીની માહિતીની નકલ. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૭/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૨–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નોંધ નં.૧૨/૨૪૦૯ વાળી મિલ્કતની રીપેરીંગની મંજુરી તા.૨૩–૪–૧૦ ના પત્ર નં. સી.ઝેડ/આ.૬૯૧ થી મેળવી રીપેરીંગની આળમાં આખીજ એક માળની મિલ્કત પાડી નાખી નવા આર.સી.સી. સ્લેબ, બીમ અને પ્લીન્થ સહીત એક માળની જગ્યાએ બે માળની ભોંયતળીયા સહીત મિલકતનું બાંધકામ પ્લાનની તથા રજા ચિઠ્ઠીની માહિતીની નકલ. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે કોઈ પુર્વ સંદર્ભ હોય તો વિગતો પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮ તા.૬–૪–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ.અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી , ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (વ્યવસાયવેરા) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.૧૯૩૫ તા.૨૯–૩–૧૧ ના જાહેર માહિતી અધિકારીના તા.૪–૪–૧૧ ના પત્ર સાથે આવેલ માહિતી પત્ર ધ્યાને લઈ તે અંગે મુળ માંગેલી માહિતીના પરિપ્રેક્ષમાં કોઈ નારાજગી હોય તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ/૭૯ તા.૨૫–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સ ેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૧૯ તા.૧૬–૩–૧૧ થી આરોગ્ય અધિકારીને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, આરોગ્ય અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૧૭૭ તા.૨૨–૩–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ /આ.નં. ૧૩૬ તા.૨૮–૪–૧૧ થી તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૭ તા.૨૯–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૩૫ તા.૨૯–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૨–૨–૧૧ ની અરજીથી ૧૨/૨૪૦૯ મિલ્કતની શહેર વિકાસ , માર્કેટ ગુમાસ્તા , વ્યવસાય અને આરોગ્ય વિભાગની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૮૧૯ તા.૧૬–૩–૧૧ થી આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. આરોગ્ય અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૧૭૭ તા.૨૨–૩–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળવાથી અરજદારે તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૩૫ તા.૨૯–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે મળેલી માહિતીના પ્રતિભાવ અંગ. તા.૨–૪–૧૧ થી તેમણે રજૂઆત કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) નોંધ નં.૧૨/૨૪૦૯ વાળી મિલ્કતની રીપેરીંગની મંજુરી તા.૨૩–૪–૧૦ ના પત્ર નં. સી.ઝેડ/આ.૬૯૧ થી મેળવી રીપેરીંગની આડમાં આખીજ એક માળની મિલ્કત પાડી નાખી નવા આર.સી.સી. સ્લેબ, બીમ અને પ્લીન્થ સહીત એક માળની જગ્યાએ બે માળની ભોંયતળીયા સહીત મિલકતનું બાંધકામ પ્લાનની તથા રજા ચિઠ્ઠીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોંધ નં.૧૨/૨૪૦૯ મિલ્કતના પ્લાનની મંજુરીની વિગત સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડમાં જણાતી નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૨–૪–૧૧ ના પત્રની પૂરક વિગતોમાં નોંધ નં.૧૨/૨૪૦૯ નીમિલ્કત રીપેરીંગના મંજુરી પત્રો સેન્ટ્રલ કચેરી ખાતેથી માહિતીની નકલ ફી ભરવાથી મળેલ હોવાનું જણાવેલ છે તેથી તે અંગે કોઈ તકરાર નથી. મુદ્દા નં.(૨) સદર મિલ્કતનું નવું આરસીસી , સ્લેબ, બીમ, અને પ્લીન્થ સહિતનું બે માળ અને ભોંયતળીયા અંગેના બીયુસી પ્રમાણપત્રની ચીકન, એગ્સ, ની નોંધણી રજીસ્ટ્રેશનની , ગુમાસ્તાધારાની આરોગ્યની પ્રમાણપત્રની અને વ્યવસાય વેરાના પ્રમાણપત્રની માહિતીની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવેલ છે કે સદર મિલ્કતે બીયુસી આપવા અંગે કોઈ વિગતો સેન્ટ્રલઝોનના રેકર્ડ પર જણાતી નથી. ગુમાસ્તાધારાની આરોગ્યના પ્રમાણપત્રની અને વ્યવસાયવેરાનાં પ્રમાણપત્રની માહિતી નીચે મુજબ છે. જયારે આરોગ્યના પ્રમાણપત્ર અંગે અરજી આરોગ્ય અધિકારીને પત્ર નં.૧૮૧૯ તા.૧૬–૩–૧૧ ના રોજ તબદીલ કરી છે.
(એ) સંસ્થાનું નામઃ– મુકદર ચીકન સેન્ટર

(૨)માલિકનું નામઃ– જમીલ નૂર મોહંમદ ચીચી (૩) કામકાજનો પ્રકારઃ– જીવીત મરઘીનું અને મટન મરઘીનું તેમજ ઈંડા વેચનાર. (૪) સંસ્થાનું સરનામું:– ૧૨/૨૪૧૦, મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત. (૫) નોંધણીનું પ્રમાણપત્ર નંબરઃ– સીઝેડ/એસ/૧૨/૨૧૩૫૩૦ (૬) નોંધણીઃ– તા.૨૫–૬–૨૦૦૮ (૩૧–૧૨–૧૧) સુધી રીન્યુ. (બી) સંસ્થાનું નામઃ– એકતા ચીકન સેન્ટર (૨) માલિકનું નામઃ– શ્રી મણીલાલ ખુશાલદાસ કહાર (૩) કામકાજનો પ્રકારઃ– જીવીત મરઘી , મરઘીનું મટન, ઈંડા તથા ઠંડાપીણા વેચવાનું. (૪) સંસ્થાનું સરનામું:– ૧૨/૨૪૦૯, ચેમ્બર્સ, સુરત. (૫) નોંધણીનું પ્રમાણપત્ર નંબરઃ– સીઝેડ/એસ/૧૨/૩૩૬૦ (૬) નોંધણી તા.૨૭–૧૦–૧૯૯૯. જે અંગે અરજદારે અપીલમાં પૂરક વિગતોમાં આપેલ માહિતીના ગુમાસ્તાધારાની નકલો માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં શોપ એકટની જોગવાઈ જણાવી નોંધણી પ્રમાણપત્ર ધારકને આપી દેવામાં આવતું હોઈ તથા બીજી નકલ માલીકને આપવાની જોગવાઈ જણાવેલ છે. પરંતુ આરટીઆઈ કાયદાની કલમ –૨૨ અન્વયે માહિતીનો કાયદો માહિતી આપવા સંબધી અન્ય કાયદા પર પ્રભુત્વ ધરાવે છે જેથી પ્રમાણપત્રની અવેજીમાં રજીસ્ટર –નોંધણીના વિગતોનો ઉતારો આપવા પાત્ર થાય. અને આવુ પ્રમાણપત્ર સંસ્થાએ પ્રસિધ્ધ કરવાનું રહેતું હોઈ તેમાં કલમ–૮(૧)(જે) કે ૧૧ નો બાધ આવે નહીં. મુદ્દા નં.(૩) સદર મિલ્કત પર રહેમ નજર રાખનારા ઝોનલચીફ, કાર્યપાલક ઈજનેર , જુની ઈજનેર, ગુમાસ્તાધારા નિરીક્ષક ,આરોગ્ય વિભાગ, ના આસી. આરોગ્ય અધિકારી તથા વ્યવસાય વેરા વિભાગના સેકશન ઓફિસરના સદર મિલ્કત –શોપના પ્રમાણપત્રની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત –શોપના પ્રમાણપત્રની માહિતીની વિગત સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં પૂરક વિગતોમાં મિલ્કત શોપના પ્રમાણપત્રની વિગત અત્રે રેકર્ડ ઉપર નથી અને મુદ્દા નં.૨ માં પ્રત્યુત્તરમાં જણાવેલ છે કે માહિતી ઉપલબ્ધ છે. જે અંગે માહિતીની વિગતો છે તે મુદ્દા નં.૨ માં આપેલ છે તેની માંગણીની રજૂઆત અપીલ તબકકે પૂરક રજૂઆતમાં કરેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારની અપીલ અન્વયે ડે.કમિ.(પઅનેઈ) વ્યવસાયવેરા કક્ષાએથી પૂરક વિગતો મંગાવતા તેમના પત્ર નં.પીટીઆરઓ/૩૫ તા.૨૦–૪–૧૧ થી તેના પાર્ટી સ્ટેટસની કોમ્પ્યુટરાઈઝ નકલ મોકલેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના વ્યવસાયવેરા ખાતે આ માહિતી દફતરે હોવાનું અનુમાનિત છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પ્રમાણપત્રની નકલના સંદર્ભે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતીની વિગત જણાવવી રહે. મુદ્દા નં. (૪) સદર મિલ્કતનું કાયદેસર રીતે ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય જેને નોટીસ બજાવ્યા બાદની નોટીસની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી જણાતી નથી. જે અંગે અરજદારે અપીલમાં અરજદારે સેન્ટ્રલઝોનના સ્થળ નિરીક્ષણ અંગેનો આગ્રહ રાખેલ છે જે કાયદા સાથે સુસંગત નથી. (૫) સદર મિલ્કતની નોંધ નંબરનો પાર્ટ પ્લાન ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટનો તા.૩–૧–૧૧ પ્લાન નં.આરટીઆઈ /૪૧૧ મુજબ મિલ્કતના આગળના ભાગે ૨ ફુટ કાયદેસર ડીમોલીશન જાય છે તથા સાઈડનો ભાગ ૧૦ ફુટ જાય છે. જે ભાગ પર ગેરકાયદેસર બાંધકામ કર્યા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી જણાતી નથી પાર્ટ પ્લાનની નકલ રૂા.૫૦૦/– ભર્યેથી મળી શકશે અને નકશામાં બતાવ્યા મુજબ સદર મકાન પર રસ્તા રેખાની અસર થવા પામે છે તેવું જણાવેલ. જે અંગે અરજદારે અપીલમાં અંશતઃ માહિતીની રજૂઆત કરેલ છે અને સાથે અંશતઃ માહિતીની નકલ નકશા સહિત રજૂ કરીએ છીએ તેવું જણાવેલ છે પરંતુ તે રજૂ કરેલ નથી. તેમજ અંશતઃ માહિતી અંગે કઈ માહિતી મળેલ નથી તે અંગે કોઈ સ્પષ્ટતા પૂરક વિગતોમાં કરેલ નથી. આરોગ્ય અને વ્યવસાયવેરા પ્રમાણપત્ર અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ પ્રકાશ પાડેલ નથી તે અંગે હકીકતલક્ષી વિગતો આપવી રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૩ માં ગુમાસ્તાધારા, આરોગ્ય, વ્યવસાયવેરા પ્રમાણપત્રની નકલ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી ઉપલબ્ધ દફતરી વિગતે નોંધણી રજીસ્ટર પરથી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ઈ.ચા. ડે.કમિ.અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી, .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર